| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૦/૦૧/૨૦૨૫. |
| નોંધ્યા તારીખ | ૧૦/૦૧/૨૦૨૫. |
| ફેંસલ તારીખ | ૧૪/૦૫/૨૦૨૬. |
| વ્યતિત સમય | વર્ષઃ૦૧,માસઃ૦૪, દિવસઃ ૦૪ |

**વીંછિયાનાં મહે.શ્રી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**

**મુકામઃ વીંછિયા.**

**ફોજદારી કેસ નંબરઃ–૦૬/૨૦૨૫**
**આંકઃ–**

| | |
|---|---|
| **ફરીયાદી** | **ધનજીભાઇ કાળુભાઇ વાસાણી**<br>ઉ.વ.–પુખ્ત,ધંધો–નોકરી રહે.–અમરાપુર,તા.વિંછીયા<br>જી. રાજકોટ |

**–– વિરૂધ્ધ ––**

| | |
|---|---|
| **આરોપી** | **સરફરાજ સબીર અન્સારી**<br>ઉ.વ.–પુખ્ત, રહે.–લાલશાહ બાપુની દરગાહ, બહારપુરા,<br>તા.ધોરાજી જી. રાજકોટ |

**ગુન્હો– નેગોશીયબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ**

| | |
|---|---|
| **ફરીયાદ પક્ષે** | વિદ્ધાન વકીલશ્રીઃ **શ્રી બી.આર.રાઠોડ** |
| **બચાવ પક્ષે** | વિદ્ધાન વકીલ શ્રીઃ **શ્રી એસ.એન.રામાનુજ** |

<u>-: ચૂ કા દો :-</u>

(૧).. ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી સામે **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮** મુજબના ગુનાના અન્વયે કરેલ છે.

**ફરીયાદીની હાલની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે,** ફરિયાદી આરોપીને ઘણા સમયથી ઓળખતા હોય જેથી આરોપી ફરીયાદી પાસેથી કૌટુંબીક કામ માટે તથા વ્યવહારીક કામે પૈસાની જરૂરીયાત હોય જેથી વગર વ્યાજે તા.૦૧/૧૨/૨૦૨૧ના રોજ હાથ ઉછીના રૂ. ૧,૦૦,૦૦૦/- અંકે રૂપીયા એક લાખ પુરા ફરીયાદી પાસેથી લીધેલા છે. ફરીયાદી પાસેથી હાથ ઉછીના લીધેલ રકમ રૂ. ૧,૦૦,૦૦૦/- અંકે રૂપીયા એક લાખ પુરા એકીસાથે આરોપીએ પરત આપવાના હતા. અને તે પૈસા ફરીયાદી પરત મળે તે માટે થઈ તા.૧૦/૧૨/૨૦૨૧ ના રોજ ધોરાજી મુકામે નોટરી એડવોકેટ લાલજીભાઈ આર. વાગડીયા રૂબરૂનું નોટરાઈઝ પ્રોમીસરી નોટ જેના નોટરી રજી. સીરીયલ નં.૨૪૮૮૪ કરાવેલ અને તે નોટરાઈઝ પ્રોમીસરી નોટ મુજબ સીકયુરીટી પેટે રૂા. ૧,૦૦,૦૦૦/- અંકે રૂપીયા એક લાખ પુરાનો તમારા બેન્ક ઓફ ઈન્ડિયા, ધોરાજી શાખાના ખાતા નં.૩૧૨૮૧૦૩૧૦૦૦૦૭૩૬નો ચેક જેના નં.૦૮૩૧૪૫ અમોને આરોપીએ આપેલ છે. અને આ ચેક આપવા સમયે આરોપીએ ફરીયાદીને જણાવેલ કે, તમો તમારા બેન્ક ખાતામાં ચેક જમાં કરાવશો તો તમોને પૈસા મળી જશે. ઉછીની આપેલ રકમ ફરીયાદીએ એક વર્ષ બાદ આરોપી પાસેથી માંગેલ ત્યારે આજ કાલમાં આપી દઈશ તેમ કહી આરોપીએ ફરીયાદીને આજ રોજ સુધી રકમ આપેલ નથી. ત્યારબાદ આરોપીએ ફરીયાદીને આપેલ ચેક ફરીયાદીએ રાજકોટ ડિસ્ટ્રીકટ કો.ઓ. બેંક લી. અમરાપુર શાખામાં ફરીયાદીના ખાતામાં સદરહું ચેક નં. ૦૮૩૧૪૫નો રૂા. ૧,૦૦,૦૦૦/-નો ફરીયાદીએ તેમના ખાતામાં તારીખ :-૦૩-૧૨-૨૦૨૪ના રોજ જમા કરાવેલ હતો. તા.૦૪/૧૨/૨૦૨૪ના રોજ સદરહું ચેક વાળી બેંક આરોપીના બેંક ખાતામાં ચેકમાં જણાવ્યા મુજબની રકમ જમા ન હોવાથી ચેક વગર સ્વીકારાયે પરત આવેલો જેની જાણ તારીખ :-૦૪-૧૨-૨૦૨૪ના રોજ ફરીયાદીને રાજકોટ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક લી. અમરાપુર શાખાએ કરેલી. જેથી ફરીયાદીએ તારીખ ૦૮-૧૨-૨૦૨૪ના રોજ વકીલશ્રી મારફત આરોપીને કાયદા મુજબની નોટીસ આરોપીને આપેલી હતી. જે નોટીસ આરોપીને તા.૦૮-૧૨-

૨૦૨૪ ના રોજ મળી જવા છતા તેણે ફરીયાદીને ચેકમાં દર્શાવેલી રકમ સમય મર્યાદામાં ચુકવેલી નથી કે આજદિન સુધી ચુકવી આપેલ નથી. અને ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. અને આ નોટીસ આરોપી હાથોહાથ સ્વીકારેલ છે જેથી સમયમર્યાદા પુર્ણ થતા મારે આ ફરીયાદ આપવાની જરૂરીયાત ઉભી થયેલ છે.

(૨).. સદરહુ ફરીયાદ દાખલ થતા કોર્ટે વેરીફીકેશન લીધા બાદ આંક–૦૧ નીચે હુકમ કરી આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ ના ગુના સબબ **બી.એન.એસ.એસની કલમ–૨૨૭** અન્વયે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ અને આરોપી અદાલતમાં હાજર થતા **આંક– ૧૭** થી પ્લી લેવામાં આવેલ અને આરોપીને તેની સામેનો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના કબુલાત સબબ પુછતા આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩).. ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચેની વિગતે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| **૧.** | ફરીયાદી ધનજીભાઇ કાળુભાઇ વાસાણીનું સરતપાસનું સોગંદનામું. | ૦૫ |

**દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| **૧.** | લીગલ નોટીસ તા.૦૮/૧૨/૨૪ | ૧૧ |
| **૨.** | બેંક ઓફ ઈન્ડીયાનો તા.૦૨/૧૨/૨૨ નો ધોરાજી શાખાનો ચેક નં. ૦૮૩૧૪૫ | ૧૨ |

| | | |
|---|---|---|
| ૩. | રીટર્ન મેમો તા. ૦૪/૧૨/૨૪ | ૧૩ |
| ૪. | રજી. એ.ડી.ની પહોંચ | ૧૪ |
| ૫. | પ્રોમીસરી નોટ | ૧૫ |

(૪).. ત્યારબાદ આરોપી તર્ફે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ જે નીચે મુજબ છે.

"મને વાંચતા લખતા આવડે છે. હું આરોપીને ૫–૭ વર્ષથી ઓળખું છું. એ વાત ખરી છે કે મે જે આરોપી સાથે વ્યવહારો કરેલા તે મિત્રતાની રૂએ કરેલા. એ વાત ખરી છે કે મે જ્યારે આ પ્રોમિસરી નોટનો કરાર કરેલો ત્યારે હું ધોરાજી મુકામે હતો ત્યાં હું પોલીસ તરીકે ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે આંક–૧૧ વાળી નોટિસ અને આંક–૧ વાળી ફરિયાદ મે વાંચેલી. એ વાત ખરી છે કે મે આપેલ નોટિસ તથા મારી ફરિયાદ મુજબ મારે આરોપી સાથે નાણાંકીય વ્યવહાર તારીખઃ–૧/૧૨/૨૦૨૧ ના રોજ થયેલો. એ વાત ખરી છે કે આંક–૧૨ વાળો ચેક અમો ફરિયાદીએ તારીખઃ–૦૨/૧૨/૨૦૨૪ ના રોજ બેંકમાં રજૂ કરેલો. એ વાત ખરી છે કે આરોપી પાસેથી મે આ ચેક સીક્યુરીટી પેટે લીધેલો.

સવાલઃ– તમે હાલનો કેસ પ્રોમિસરી નોટના આધારે કરેલો છે?

જવાબઃ– મને આરોપીએ જે પ્રોમિસરી નોટ લખી આપેલી તેમાં આરોપીએ મને ચેક આપીને એવું વચન આપેલું કે હું તમને પૈસા ન આપું તો તમે આ ચેક વટાવી લેજો.

એ વાત ખરી નથી કે ઉપર જણાવેલ જવાબ આંક–૧૫ વાળી પ્રોમિસરી નોટમાં લખેલ નથી. આંક–૧૫ વાળી મે જે પ્રોમિસરી નોટ રજૂ કરેલ તે સાચી અને ખરી છે. મે આ પ્રોમિસરી નોટ નોટરી શ્રી લાલજીભાઇ વાગડીયા પાસે તારીખઃ–૧૦/૧૨/૨૦૨૧ ના રોજ કરેલી. પ્રોમિસરી નોટ એટલે હું પ્રોમિસ કરું છું એવું નોટરી રૂબરૂનું લખાણ. મને પ્રોમિસરી નોટ કેટલો સમય સુધી ચાલે કે તેની સમય મર્યાદા શું હોય તેની મને ખબર નથી. મે આંક–૧૫ થી રજૂ કરેલ પ્રોમિસરી નોટ વાંચેલી. એ વાત ખરી છે કે મારી પ્રોમિસરી નોટ

તારીખઃ–૦૧/૧૨/૨૦૨૧ થી તારીખઃ–૦૧/૧૨/૨૦૨૨ સુધીની હતી અને જે ઉપરોક્ત એક વર્ષમાં આ રકમ ન મળે તો ચેક નાખવાની શરત હતી. આંક–૧૫ વાળી પ્રોમિસરી નોટ મે એક વ્યકિતએ કરેલી નથી આ પ્રોમિસરી નોટ અમો બે ભાગીદારોએ કરેલી છે. એ વાત ખરી છે કે પ્રોમિસરી નોટ મુજબ હું ફરિયાદી તથા અશોકભાઇ કમાભાઇ મણવર પણ કાર્યવાહી કરી શકે છે. આંક–૧૫ વાળી પ્રોમિસરી નોટનો સ્ટેમ્પ તારીખઃ–૦૧/૧૨/૨૦૨૧ ના રોજ આરોપીએ ધોરાજીથી ખરીદ કરેલો છે. એ વાત ખરી છે કે આંક–૧૫ વાળો જે સ્ટેમ્પ પેપર ખરીદ કરેલો છે તેમાં સ્ટેમ્પ લેનાર તરીકે તેમાં આરોપીની સહી નથી. સાહેદ જાતે જણાવે છે કે સ્ટેમ્પ પેપર ઉપર એવી કોઇ સહી કરવાની હોતી નથી. એ વાત ખરી છે કે આરોપીએ જે સ્ટેમ્પ ખરીદેલો છે તે ભાગીદારી કરારના હેતુથી ખરીદ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે મે આંક–૧૫ થી પ્રોમિસરી નોટનો કરાર રજૂ કરેલો તે કરારમાં મારો ફરિયાદીનો કે આરોપીનો કોઇ ફોટો નથી કે આ ફોટો ઉપર નોટરીનો રાઉન્ડ શીલ ન થી તેમજ આંક–૧૫ વાળા પ્રોમિસરી નોટમાં જે સાક્ષીઓની સહીઓ લેવામાં આવી છે તે કોઇ સાક્ષીઓના આધારકાર્ડ કે અન્ય ફોટા વાળા ઓળખ કાર્ડ લગાવેલા નથી. મે આરોપીને આપેલ નોટિસ પ્રોમિસરી નોટના આધારે આપેલી. સાહેદ જાતે જણાવે છે કે પ્રોમિસરી નોટમાં લખેલ ચેક રજૂ કરતા જે બાઉન્સ થતા નોટિસ આપેલી.

એ વાત ખરી છે કે મારા પ્રોમિસરી નોટના કરાર મુજબ કરાર સને–૨૦૨૨ માં પુરો થતો હોય બે વર્ષ સુધી મે ધોરાજી/ઉપલેટા કે અન્ય અદાલતમાં કોઇ કાર્યવાહી કરેલી નથી. સાહેદ જાતે જણાવે છે કે આ સમયગાળા દરમિયાન મારી બદલી તેમજ હું બિમાર પડી જતા આરોપીએ મને પૈસા પરત આપી દેવાનું કહી સમય પસાર કરતા ગયેલા. એ વાત ખરી છે કે બે વર્ષ સુધી મે કેસ કરેલો નથી અને હું બિમાર હતો અને મારી બદલી થઇ ગયેલ હતી તેવો કોઇ ઉલ્લેખ મે આરોપીને આપેલ નોટિસમાં કરેલો નથી. "

(૫).. ઉપરોકત પુરાવાઓ સિવાય ફરિયાદ પક્ષ તર્ફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવ્યા નથી. તેઓ તર્ફે પુરાવો બંધ થયાની **આંક– ૩૫** પુરસીસ રજુ કરવામાં આવેલ છે. હાલના કામે આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયેનુ વિશેષ નિવેદન તેમની પ્લી સાથે લેવામાં આવેલ હોય જે વંચાણે લેતા

તેઓ જણાવે છે કે, મિત્રતાના સંબંધે ચેક આપેલ હતો અને તેમની ઉપર ખોટો કેસ કરેલ છે. વધુમાં, તેમનુ વિશેષ નિવેદન જોતાં તેમના બચાવમાં સાક્ષીને તપાસવા માંગે છે તે બાબતે કંઇ જણાવતાં નથી.

(૬).. ત્યારબાદ હાલનુ કામ ફરીયાદપક્ષ તથા બચાવપક્ષની દલીલો ઉપર આવતા ફરીયાદપક્ષના વિ.વ.શ્રી દવારા મૌખીક દલીલો કરેલ છે અને આરોપી તરફે કોઈ રિપોર્ટ કે રજુઆત ન હોય આરોપીનો દલીલોનો હકક **આંક– ૩૭** હેઠળ બંધ કરવામાં આવેલ છે.

(૭).. ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક–દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખતા નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણીપેટે ફરીયાદીને લખી આપેલ જે નિયમ સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ, જેને નિયત સમયમાં પોષ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ન ચૂકવી **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૮).. ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરતજ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.

૧) હ કા ર માં.

૨) આખરી હુકમ મુજબ.

## /// કા ર ણો ///

- **મુદા નં.૧:–**

(૯).. આ કામે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ મૌખીક દલીલો તથા ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલાં ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે.

**ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ તેમના ધ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો

(૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૩ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો

(૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત આવેલ છે.

(૫) ચેક પરત થયાની માહીતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી.

(૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવાં છતાં ચેકના નાણા સમય મર્યાદામા ચુકવી આપેલ નથી.

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

હવે સૌ પ્રથમ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮ ધ્યાને લઈએ તો –

**<u>કલમ ૧૧૮</u>** – વટાઉખત વિશે માની લેવાની બાબત...

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

**(ક)** દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું

ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદતલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ) <u>તારીખ વિશેઃ-</u>

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું.

(ગ)<u>સ્વીકારવાની સમય વિશેઃ</u>

સ્વીકારાયેલું દરેક વિનીમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતું.

(ઘ) <u>તબદીલીના સમય વિશેઃ</u>

કોઈ વટાવખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

<u>(ચ) શેરાઓના ક્રમ વિશેઃ</u>

કોઈ વટાવખત ઉપર કરેલ હોવાનુ જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

(છ)<u>સ્ટેમ્પ વિશેઃ</u>

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ,વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો

(જ) <u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવાવિશેઃ</u>

કોઈ વટાવખત ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યક્તિ પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>કલમ ૧૩૯- ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાનઃ</u>

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો તેવું અનુમાન કરીને

દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો અને ઊભય પક્ષકારો તરફથી કરવામાં આવેલ દલીલની ચર્ચા કરીએ તે પહેલા પુરાવાના બોજા અંગેની ચર્ચા કરવી જરૂરી જણાય છે. સીમાચિન્હ ના.સુપ્રિમ કોર્ટના સંખ્યાબંધ ચુકાદાથી એ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે જયારે આરોપીએ ચેક ફરીયાદીની તરફેણમાં આપેલ હોવાનું પુરવાર થતું હોય તેવા સંજોગોમાં ચેક કાયદેસરના લેણાં પેટે કે જવાબદારી પેટે આપેલ હોવાનું અદાલતે અનુમાન કરવાનું રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયે ધારકની તરફેણમાં અનુમાન કરવામાં આવે છે.અલબત્ત આ અનુમાન ખંડનાત્મક હોય છે અને આરોપીએ તે ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ ન હોવાનો બચાવ લઈ શકશે. વિવિધ ઘણા બધા ચુકાદાઓ ધ્વારા પ્રસ્થાપિત થયેલ છે કે આરોપીએ પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંતના આધારે પુરવાર કરવાનો હોય છે.વધુમાં આરોપીએ પોતાનો બચાવ રજુ કરવા માટે વીટનેસ બોકસમાં પણ આવવું જરુરી નથી.એટલે કે આરોપીએ પોતાનો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાનો હોતો નથી,પરંતુ ચેકના ધારકની તરફેણમાં કરવામાં આવતાં કલમ–૧૩૯ના અનુમાનમાં માત્ર શંકા ઉપસ્થિત કરવાની હોય છે અને આરોપી જો આવી શંકા ઉપસ્થિત કરવામાં સફળ થાય તો જ ત્યારબાદ તે અંગેનો બોજો ફરીયાદીના શીર પર શીફટ થાય છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવાનો હોય છે. આમ, ઉપરોકત પુરાવાના સિધ્ધાંતને ધ્યાને રાખીને ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપીપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપી ધ્વારા લેવામાં આવેલ બચાવનું મુલ્યાંકન અત્રેની અદાલતે કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજુ રાખેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ રજુ કરેલ બચાવ આ તમામ દસ્તાવેજી તથા મૌખીક પુરાવાઓને સોનાના ત્રાજવામાં (ગોલ્ડન સ્કેલ)ઉપર મુલવણી કરવી જરૂરી છે.તેમજ ન્યાયશાસ્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાના મુલ્યાંકનને વ્યાખ્યાતીત કરવામાં આવેલ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું અને આરોપી સંભવિત બચાવ રેકર્ડ પર લાવી શકેલ છે કે કેમ તે દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે.પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી''સાબીત'' અને ''નાસાબીત'' ની વ્યાખ્યા ઉપર આધારીત છે. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય અને તે જોવામાં આવે તો અદાલત સમક્ષ જે

બાબતો ઉપરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ કે જે તે સંજોગોમાં જે હકીકતનું અસ્તીત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબીત થયેલી ગણાય અને અદાલત એક હકીકતનું અસ્તીત્વ માને અથવા એટલી હદે અસ્તીત્વ સંભવિત માને કે એક સમજદાર વ્યક્તિ જે તે સંજોગોમાં તેવું અસ્તીત્વ છે તેવી ધારણાથી વર્તે અલબત્ત ગણીત જેવી ચોક્કસતા અને ચુસ્તતાનો આગ્રહ અનઉપેક્ષીત છે.

**(૧૦)..** હાલના કામે ફરીયાદપક્ષ કાયદેસરનું લેણું સાબિત કરી શકેલ છે કે નહી તેની ચર્ચા કરતા અગાઉ આ કામે નામ.સુપ્રિમ કોર્ટ તથા અન્ય વડી અદાલતોના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા આવશ્યક છે.

In the matter between **M/s Prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH Pg.365, Hon'ble Gujarat High Court** has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

In the matter between **Mangubhai Mansukhram Pandya V/S Pranjivan Tribhovandas Purohit, reported in 1991(2) GLH Pg.65 Hon'ble Gujrat High Court has held that,** Section-118 of the N.I.Act raises a statutory presumption that,

- There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.
- Onus of proof that there was no consideration is on the defendant.
- Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise

the statutory presumption.

નામદાર સુપ્રિમ કોર્ટે **Bharat Barrel And Drum Manufacture Company LTD V/S Amin Chand Payrelal, 1999(3) SCC 35** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, " The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist."

આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટે **K.N.Beena V/S Muniyappan, 2001(0) AIR(SC) 2895 TYF Hiten P. Dalal V/S Bratindranath Banerjee, 2001(6) SCC-16** ના ચુકાદમાં પ્રસ્થાપીત કરેલ છે કે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper.

આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટના **Krishna Janardhan Bhat V/S Dattatraya G. Hegde (2008(0) Cr.LJ 1172), K. Prakashan V/S P. K. Surenderan (2008(1) SCC(Crimes)200) TYF Rangappa V/S Sri Mohan (AIR 2010 SC 1898)** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી પોન્ડરન્સ ઓફ પ્ર ોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **કલમ–૧૩૯** ના

અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

**(૧૧)..** હાલના કામે ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલ તમામ મૌખીક–દસ્તાવેજી પુરાવાની વિગતે ચર્ચા કરીએ તો તે નીચે મુજબ છે.

ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૦૫ થી ફરીયાદી ધનજીભાઇ કાળુભાઇ વાસાણીનું** સરતપાસનું સોગંદનામું ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ હેઠળ રજુ કરેલ છે અને તેમાં ફરીયાદ આંક–૦૧ માં જણાવ્યા મુજબની વિગતો જણાવેલ છે. જેથી બીનજરુરી તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી. વધુમાં, ફરીયાદીની ઉલટતપાસ જોતાં ફરીયાદી સ્વીકાર કરે છે કે, મારી પ્રોમીસરી નોટ તા. ૦૧/૧૨/૨૦૨૧ થી ૦૧/૧૨/૨૦૨૨ સુધીની હતી અને જે ઉપરોકત એક વર્ષમાં રકમ ન મળે તો ચેક નાખવાની શરત હતી અને આંક ૧૨ વાળો ચેક ફરીયાદીએ તા. ૦૨/૧૨/૨૦૨૪ ના રોજ બેંકમાં રજુ કરેલો. જેથી આરોપી એવો બચાવ લેવા માંગે છે કે, હાલનો લેણું કાયદેસરનું લેણું નથી કારણ કે, તેની કાયદાકીય સમય મર્યાદા વિતી ગઇ છે. એટલે કે ટાઇમ બાર્ડ ડેટ છે. જેથી ફરીયાદી દ્વારા રજુ આંક-૧૫ થી પ્રોમીસરી નોટ જોતાં,તા. ૦૧/૧૨/૨૦૨૨ સુધીમાં કુલ રકમ બે લાખ ન ચુકવી આપે તો આરોપી સામે કાયદેસરની કાનુની કાર્યવાહી કરી શકશે. તેવું જણાવેલ છે અને હાલની ફરીયાદ તા. ૧૦/૦૧/૨૦૨૫ ના રોજ દાખલ કરેલ છે.જેથી લીમીટેશન એકટ મુજબ લેણદાર પાસે દેવું વસુલવા માટે સામાન્ય રીતે ત્રણ વર્ષનો સમય હોય છે જેથી હાલની ફરીયાદ સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે. જેથી હાલની ફરીયાદની લેણી રકમ કાયદેસરની લેણી રકમ કહેવાય. આમ, આરોપી દ્વારા ફરીયાદીની ઉલટતપાસમાં કોઇ ખાસ બચાવ લેવામાં આવેલ નથી.વધુમાં, ફરીયાદીએ તેની ફરીયાદ તથા સોગંદનામાનાં સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેનું મુલ્યાંકન કરવામાં આવે તો, આંક– ૧૧ થી આંક–૧૫ મુજબનો દસ્તાવેજી પુરાવો અનુક્રમે આરોપીને વિ.વ.શ્રી મારફતે મોકલાવેલ નોટીસ, વાદગ્રસ્ત ચેક તથા ચેક રીટર્ન થયા તે અંગેના ચેક રીટર્ન મેમો, પ્રોમીસરી નોટ રજુ કરેલ છે જે ધ્યાને લીધેલ. વધુમાં, ફરીયાદીએ નોટીસ બજી ગયા અંગેનો કોઇ લેખીત પુરાવો રજુ કરેલ નથી. પરંતુ, ફરીયાદીની ઉલચતપાસમાં તેઓ જણાવે છે કે

"મેં આરોપીને આપેલ નોટીસ પ્રોમીસરી નોટના આધારે આપેલ અને પ્રોમીસરી નોટમાં લખેલ ચેક રજુ કરતાં જે બાઉન્સ થતા નોટીસ આપેલી.” આમ, આરોપીનો નોટીસ મળેલ ન હોય તેવો કોઇ બચાવ નથી. જેથી આરોપીને નોટીસ મળી ગયેલ છે તેમ જણાઇ આવે છે. વધુમાં, ફરીયાદી પોતાની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, આંક-૧૫ વાળી મેં જે પ્રોમીસરી નોટ રજુ કરેલી છે તે સાચી અને ખરી છે.આમ આંક-૧૫ પ્રોમીસરી નોટ આરોપી દ્વારા પડકારવામાં આવેલ નથી. આમ, ફરીયાદીની સરતપાસમાં રજુ થયેલ સદરહુ તમામ દસ્તાવેજી પુરાવાઓ અસલ તથા જાહેર દસ્તાવેજો હોય તેમજ સદરહુ તમામ દસ્તાવેજી પુરાવાઓને ફરીયાદીના સરતપાસ સોગંદનામા હેઠળ સમર્થન મળતું હોય સદરહુ દસ્તાવેજી પુરાવાઓને ન માનવા કોઈ કારણ ઉપસ્થિત થતું જણાતું નથી.

**(૧૨)..** ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ જયારે ચેક લખનાર, ચેક ધારણ કરનારને ચેક સહી કરીને આપે ત્યારે તે ચેકમાની વિગતો લખવાની કે પૂર્તતા કરવાની ચેક ધારણ કરનારને પ્રથમદર્શનીય રીતે ઓથોરીટી આપેલ છે, તેવુ અનુમાન કરવાનું રહે છે. ચેકમાં આરોપીની સહી નથી કે આ ચેક આરોપીનો નથી તેવી બચાવ તકરાર ન હોઈ અને વિરૂઘ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ ન હોય ત્યારે રજુ અસલ ચેક કે જે એક જાહેર દસ્તાવેજ છે તેને ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું નથી. આ કામે આંક– ૧૩ થી અસલ બેન્ક રિટર્ન મેમો રજુ કરવામાં આવેલ છે, જેમાં ''**ફંડસ ઈનસફીસીયન્ટ**'' ના કારણે વાદગ્રસ્ત ચેક પરત કરેલાનું જણાવેલ છે, **આંક– ૧૧** થી આરોપીને વિધ્વાન વકીલશ્રી મારફત નોટીસ આપવામાં આવેલ છે. આરોપી તર્ફે નોટીસમાં જણાવેલ સરનામે આરોપીને નોટીસ મળેલ નથી કે ફરીયાદીની નોટીસ બજેલ નથી તેવી કોઈ બચાવ તકરાર આરોપીએ લીધેલ નથી કે તે સંબંધે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી તે હકીકત પુરવાર કરેલ નથી તેમજ ફરીયાદપક્ષ તર્ફે રજુ ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓનું ખંડન આરોપી તર્ફે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન કે વિરુધ્ધનો પુરાવો રજુ કરીને કરવામાં આવેલ નથી, કે જેના ઉપરથી એવુ પુરવાર થાય કે, આરોપીને નોટીસની બજવણી થયેલ નથી. આ સંજોગોમાં

ફરીયાદપક્ષ તર્ફે રજુ દસ્તાવેજી પુરાવા ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું જણાતું નથી. આ કામે આરોપી તર્ફે ફરીયાદપક્ષના રેકર્ડ ઉપરના રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવા આપીને કરેલ નથી કે કોઈ સાહેદો તપાસેલા નથી. આરોપીએ ધી **નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ– ૧૧૮(એ) તથા કલમ–૧૩૯** માં ઠરાવેલ પુર્વધારણાઓનું ખંડન કરવા ફરીયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખેલ છે, પરંતુ ઉલટતપાસમાં પણ ખંડન કરવામાં નિષ્ફળ રહેલ છે.

**(૧૩)..** આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આરોપી પક્ષે કલમ–૧૩૯ ની કાયદાના અનુમાનનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ? તે સંદર્ભે સૌપ્રથમ જોવામાં આવે તો, **આંક–૧૨** વાળા ચેકમાં આરોપીની સહી હોવા બાબતે કોઈ તકરાર લીધેલ નથી તે સંજોગોમાં નામ.સુપ્રિમ કોર્ટના **AIR 2010 S.C. 1989,(Rangappa V/s. Sri Mohan) Criminal Appeal No. 1020 of 2010** ના ચુકાદા મુજબ ચેકના યથાનુંક્રમના ધારક–હોલ્ડર ઈન ડયુ કોર્ષની તરફેણમાં અદાલતે અનુમાન કરવાનું હોય છે. જેથી પ્રાથમીક તબકકે ફરીયાદ વાળો ચેક આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાની જવાબદારી સ્વીકારી ઈસ્યુ કરેલા હોવાનું અનુમાન કરેલ છે અને તે વિગતે પુરાવાનું અર્થઘટન કરેલ છે કે શું આરોપી પુરવાર કરે છે કે, ફરીયાદીનું આરોપી પાસે કાયદેસરનું લેણું ન હોવા છતા આરોપીના ચેકનો દુરપયોગ કરી હાલની ખોટી ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ છે.

(૧૪).. **કાયદેસરનું લેણું :–**

ફરીયાદપક્ષ તફે ઉપરોકત રજુ થયેલ ફરીયાદીનું સોગંદનામું તેમજ દસ્તાવેજી પુરાવા નોટીસની સ્થળપ્રત, ચેક, ચેક રિટર્ન મેમો, પ્રોમીસરી નોટ તથાનોટીસ બજી ગયા બાદ આરોપી ખુદ કોર્ટમાં હાજરે રહેલ છે અને પ્લી લેવામા આવેલ છે ત્યારબાદ સદરહુ કામે ફરીયાદીના ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે જે તમામ હકીકત આરોપીના ધ્યાન ઉપર છે તેમ છતા

આરોપીએ કોઈ વ્યાજબી બચાવ લીધેલ નથી. તેમજ વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ પણ આરોપી પોતે નીભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીધેલ નથી તેમજ વાદગ્રસ્ત ચેક તેઓએ આપેલ ન હોવાનો કોઈ બચાવ લીધેલ નથી કે આરોપીએ કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવા આધાર હાલના કામે રજુ રાખેલ નથી તેમજ આરોપીએ ખુદે કોર્ટમાં હાજર રહી તેમની સામેના ગુનાનો ઈન્કાર કર્યા બાદ તેમના બચાવમાં આરોપીએ કોઈ પુરાવો રજુ કરેલ નથી.

આ કામે આરોપીપક્ષને તેમના બચાવ માટે દલીલો કરવાની પૂરતી અને વ્યાજબી તક આપેલ છતાં તેઓ તરફે કોઈ દલીલો કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષે **આંક– ૩૭** થી અરજી રજુ કરી આરોપીનો દલીલ કરવાનો હકક બંધ કરવા અરજ કરેલ છે જેમાં આરોપીની રેકર્ડ પરની અનિયમીતતાને ઘ્યાને લેતા તેનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. આરોપીને તેઓની સામ હાલનો કેસ નામદાર કોર્ટ પેન્ડીંગ છે તે જાણમાં છે તેમ છતાં ફરીયાદીની ઉલટતપાસ લેવાઇ ગયા બાદ કેસ ની કાર્યવાહી માટે હાજર રહેલ નથી. ચેક રીટર્નના કેસોનો કોર્ટોમાં ખુબ જ ભરાવો છે. જો કેસ ના દરેક તબકકે આરોપીને પકડ વોરંટ ઈસ્યુ કરી હાજર રખાવવા પ્રયત્નો કરવામાં આવે તો ચેક ના કેસોનો નિકાલ કરવાનુ કામ ખુબ જ મુશ્કેલ બની રહે. આરોપીને તેઓની સામે કેસ ની કાર્યવાહી કોર્ટમાં ચાલી રહેલ હોવાનુ જાણમાં છે તેમ છતાં હાજર ન રહી કેસ ની કાર્યવાહી વિલંબિત કરવાના ઈરાદાથી હાજર રહેલ ન હોવાનુ આરોપીના વર્તન ઉપરથી જણાઈ આવે છે. કાયદો જાગૃત વ્યકિતને મદદ કરે છે. વધુમાં આરોપી તરફે એકટની કલમ–૧૪૫ (૨) મુજબની અરજી આપેલ નથી.

આમં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ આરોપીનુ ન હોવાનુ કે તે ચેકમાં પોતાની સહી ન હોવા અંગેનો કોઈ બચાવ આરોપી દવારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે વિટનેસ બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી તેમનો બચાવ પુરવાર કરેલ નથી. વધુમાં સેકશન–૨૦ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે કોઈ ચેક કોઈ વ્યકિત સહિ

કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણાં પેટે આપેલ હોય તેવુ અનુમાન કોર્ટે કરવાનુ રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યકિત ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહુ બાબતનો ખંડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી ત્યારે હાલની ફરીયાદમાં પુરાવામાં રજુ રહેલ ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે આપેલ હોવાનુ જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ–૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણાં પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનુ ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નીવડેલ છે તેમજ હાલના કેસમાં પુરાવો જોતા આરોપીએ ફરીયાદીના પુરાવાનું ખંડન કરતો કે શંકા ઉપજાવે તેવો કોઈ સચોટ અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર રજુ કરવામા નિષ્ફળ ગયેલ છે. ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ના પ્રિઝમ્પ્શન મુજબ તેમજ **નામદાર સુપ્રિમ કોર્ટ ૨૦૧૦(૧) ડી.સી.આર. ૭૦૬, રંગપ્પા વિરુધ્ધ શ્રી મોહન**ના કેસમાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી વિરૂધ્ધનો પુરાવો ન આવે, અગર તો ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય રીતે રિબર્ટ ન થાય ત્યાં સુધી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે તેમજ કોર્ટનું રજુ થયેલ રેકર્ડ જોતાં ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું ખંડન કરવામાં આરોપી સંપૂર્ણપણે નિષ્ફળ જાય છે જેથી આ કામે **મુદ્દા નં.૧**નો નિર્ણય **હકારમાં** આપી અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના માટે **બી.એન.એસ.એ.ની કલમ–૨૭૮** તકસીરવાન ઠરાવવામાં આવે છે અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

**સ્થળ : વીંછિયા**
**તારીખઃ૧૪/૦૫/૨૦૨૬**

**(એસ.એન.મોદી)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ**
**એન્ડ**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**વીંછિયા–કોડ નં.જી.જે.૦૧૬૮૨**

<u>સજા અંગે હુકમ :–</u>

**(૧૫).. આજરોજ આરોપી હાજર રહેલ નથી, જેથી આરોપી તરફે કોઈ રજુઆત નથી. આ તબકકે નામ.ગુજરાત હાઈકોર્ટનાં,** Sharad Jethalal Savla v. State of Gujarat 2017(3) GLH 146 **ના ચુકાદાનાં પેરા–૨૫ ને ધ્યાને લેવો અગત્યનો છે.**

> 25. However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub-section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેતાં, અદાલત કોઈપણ પક્ષકારની ગેરહાજરીમાં જજમેન્ટ/ચુકાદો જાહેર કરી શકે છે. **બી.એન.એસ.એસ.ની કલમ– ૩૯૨** થી અદાલતને આ સત્તા પ્રાપ્ત થાય છે. હાલનો કેસ મુલતવી રાખવા માટે રેકર્ડ ઉપર કોઈ વાજબી કારણ ઉપલબ્ધ નથી.

હાલનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. આરોપીની ગેરહાજરીમા ચુકાદો જાહેર કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે.

ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે,હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ચેકો રીટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે. જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.

**(૧૬)..**

ફરીયાદીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. હાલના યુગમાં કોઈપણ વ્યકિત,કોઈપણ ભોગે મોટી રકમ મેળવવા કે માલસામાન ખરીદતી વખતે તે સામે ખોટા ચેકો લખી આપી ઘણી વાર કોરા ચેકો આપતા હોવાના કિસ્સા વધી રહેલ છે. રકમ કે માલસામાન મેળવ્યા બાદ તે રકમ અથવા માલસામાનનુ મુલ્ય

પરત કરતા નથી અને નાણાં ન ચૂકવવા પડે તે માટે કાયદાનું ખોટુ અર્થઘટન કરી, તેનો દુરપયોગ કરતાં રહે છે. રકમ પરત કરતા નથી અને ચેકો વગર સ્વીકાર્યે પરત થતાં રહે છે તે ખૂબ ગંભીર બાબત ગણાય અને આવા ગુન્હાઓ દિન–પ્રતિદિન વધી રહયા છે. જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચૂકાદાઓ ઉપલબ્ધ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લેજીસ્લેચરનો હેતુ બેન્કનું કામકાજ તેના નિયમોનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતુ રહે તે માટેનું છે. આ કામે આરોપીએ ફરીયાદી **રૂા. ૧,૦૦,૦૦૦/– ફરીયાદી પાસેથી લીધેલા છે. ફરીયાદી પાસેથી હાથ ઉછીના લીધેલ રકમ રૂા. ૧,૦૦,૦૦૦/– એકીસાથે આરોપીએ પરત આપવાના હતા. આરોપીએ વાદગ્રસ્ત ચેક ફરીયાદીને આપેલ હોય** જે ચેક ''**ફંડસ ઈનસફીસીયન્ટ**'' ના શેરાથી વગર સ્વીકારાયે પરત ફરેલ છે. નોટીસ આપ્યા બાદ પણ નાણા પરત કરેલ નથી. કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, આરોપી પ્ર ત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે, લોકોનો બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણકે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો જીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનો બેંકીંગ વ્યવસ્થામા વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતાં અચકાશે નહી જેનાકારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન થાય તેમછે.

ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. આ અદાલતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં.૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરૂધ્ધ દિનેશ બાબુલાલ બોરીચા**વાળા વિગેરેના ચૂકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ દૂર કરેલ હતો, પરંતુ વળતર

ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચૂકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા **આંક– ૧૨** વાળો ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નંબર–૨૯, આર.સી. મહેતા વિરૂધ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.**ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ધ્યાને રાખી તથા **બી.એન.એસ.એસ.ની કલમ–૨૩(૨)** ની જોગવાઈ ધ્યાને લઈને આ અદાલત **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો "**આખરી હુકમ**" કરે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપી **સરફરાજ સબીર અન્સારી** ઉ.વ.–પુખ્ત, રહે.– લાલશાહ બાપુની દરગાહ, બહારપુરા, તા.ધોરાજી જી. રાજકોટ વાળાને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૨)** અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી, આરોપીને **છ મહીનાની** સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨) વધુમાં આરોપીની ગેરહાજરીમાં **બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૨(૭)** મુજબ હાલનો હુકમ જાહેર કરવામાં આવે છે.

(૩) આરોપીએ **બી.એન.એસ.એસ.ની કલમ– ૩૯૫(૩)** અન્વયે ફરીયાદીને વળતર પેટે ત્રણેય ચેકોની રકમ મળી કુલ **રૂા. ૧,૦૦,૦૦૦/– (શબ્દોમાં– રૂપિયા એક લાખ પુરા) દિન–૬૦** માં ચુકવી આપવા. જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ **ત્રણ માસની** સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી આજરોજ ચુકાદાના દિવસે હાજર ન હોય તેમજ મુકિત અરજી રજુ ન હોય આરોપી વિરૂધ્ધ આ સજાના અમલ સંબંધેનું બીનજામીનલાયક વોરંટ ઈસ્યુ **બી.એન.એસ.એસ.ની કલમ– ૪૫૮** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપી અન્ય કોઈ ગુન્હાના કામે જેલની સજા ભોગવતા હોય તો તે સજા પુરી થયા બાદ હાલના હુકમ અન્વયેની સજાની અમલવારી કરવાની રહેશે.

(૬) આરોપીના જામીન તથા જાતમુચરકો રદૃ કરવો તેમજ આરોપીએ રોકડ જામીનગીરી આપેલ હોય તો તે શ્રી સરકાર ખાલસા કરવી.

**(૭)** આ કામે આરોપીનો વીના મુલ્યે ચુકાદાની નકલ મેળવવાનો અધિકાર નામદાર સુપ્રમી કોર્ટના **રાજેશ પોન્ડા વી. સત્યનારાનય સીરાંગમ જે ૨૦૧૯(૧)એ.સી.જે.(એસ.સી)**૪૭૮ માં રીપોર્ટ થયેલ છે ને ધ્યાને લઇ ગુમાવેલ છે.

**ચૂકાદો આજ તારીખ : ૧૪મી, માહે : મેં, સને: ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**સ્થળ : વીંછિયા** **(એસ.એન.મોદી)**

**તારીખઃ૧૪/૦૫/૨૦૨૬** **પ્રિન્સીપાલ સિવિલ જજ**

**એન્ડ**

**જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**

**વીંછિયા–કોડ નં.જી.જે.૦૧૬૮૨**